Gujarati

NHS

# તમાકુના વેચાણ માટેની ઉંમરમાં વધારો કરવો

## એમ્પ્લોયરો માટે તપાસયાદી

સોમવાર 1લી ઓક્ટોબર 2007થી તમાકુના વેચાણ માટેનો કાયદો બદલાઈ જશે. આ તારીખથી, 18 વર્ષથી નાની ઉંમરની (16 વર્ષમાંથી વધારીને) કોઈ પણ વ્યક્તિને તમાકુની વસ્તુઓ વેચવાનું ગેરકાયદેસર બનશે.

કાયદામાં થઈ રહેલા ફેરફાર માટે તમે અને તમારા કર્મચારીઓ તૈયાર હો તેની ખાતરી કરવા માટે તમે અનેક બાબતો કરી શકો છો:

- ☐ તમારી દુકાનના કાઉન્ટર ઉપર કે તેની નજીકમાં યોગ્યય નિશાની લગાવો. આનાથી નાની ઉંમરનાં ગ્રાહકો પહેલેથી તમાકુ ખરીદતાં અટકી જવાં જોઈએ અને તેમને એ યાદ દેવડાવવામાં તમને પણ મદદ થશે કે તમે અને તમારા કર્મચારીઓ ફક્ત કાયદાનું પાલન કરી રહ્યાં છો.
- ☐ કાયદામાં થયેલા ફેરફાર વિશે તમારા કર્મચારીઓને જાણ કરો અને જો તેમને ગ્રાહકની ઉંમર અંગે કોઈ પણ શંકા જાય તો હંમેશાં તેમની પાસેથી ઉંમરનો પુરાવો માગવા માટેની તેમને તાલીમ આપો. જો તમારા કર્મચારી 18 વર્ષથી ઓછી ઉંમરની કોઈ વ્યક્તિને તમાકુની વસ્તુઓ વેચશે તો તેના માટે તેઓ અંગત રીતે જવાબદાર ઠરશે તેની તેમને સમજણ પડી હોય તેની ખાતરી કરો.
- ☐ તમે કાયદામાં થયેલા ફેરફાર વિશે કર્મચારીઓને જે કોઈ પણ તાલીમ આપી હોય તેની નોંધ રાખો અને તમારા કર્મચારીઓ તે તાલીમ સમજ્યાં છે તેવું જણાવતા લખાણ પર તેમની સહી કરાવડાવો. તે પછી તેને સંદર્ભ માટે ફાઈલમાં રાખવામાં આવવી જોઈએ.
- ☐ જ્યારે તમે અથવા તમારા કોઈ કર્મચારીએ નાની ઉંમરની વ્યક્તિને તમાકુ વેચવાનો ઈનકાર કર્યો હોય તે બનાવની નોંધ રાખતું એક 'રીફ્યુઝલ્સ રજિસ્ટર' બનાવો. આમાં એવા કોઈ પણ બનાવની તારીખ અને સમય, કઈ વસ્તુ ખરીદવામાં આવી રહી હતી, ઈનકાર કરવાનું કારણ તેમજ ગ્રાહકનું ટૂંકું વર્ણન લખવામાં આવવું જોઈએ. ખાતરી કરો કે તમારા કર્મચારીને જરૂર પડે ત્યારે આ 'રીફ્યુઝલ્સ રજિસ્ટર' જોવા માટે મળી શકે તેમ હોય.
- ☐ જો તમારા કોઈ કર્મચારીએ અપમાનજનક કે ભય પમાડતા વર્તનનો સામનો કરવો પડે, તો તમારે તેમને ટેકો આપવા અને તેમના પ્રત્યે સંવેદનશીલ રહેવા તૈયાર પણ રહેવું જ જોઈએ.
- ☐ તમારા વિસ્તારમાં ધંધો કરતાં બીજાં લોકો સાથે મળીને તમે હેરાનગતી કરી શકે તેવાં ગ્રાહકો વિશેની ખાનગી માહિતીની આપલે કરવાનો પણ કદાચ વિચાર કરી શકો.
- ☐ જો તમે તમારા ધંધામાં 18 વર્ષથી નાની ઉંમરનાં લોકોને કામ પર રાખતાં હો, તો તેમના માટે તમાકુની વસ્તુઓ વેચવાનું ગેરકાયદેસર નથી, પરંતુ જો ગ્રાહકો કાયદેસર ઉંમર કરતાં નાનાં ન હોય તો જ. પરંતુ બની શકે કે તેમની પોતાની જ ઉંમરનાં ગ્રાહકોને વેચાણ કરવાનો ઈનકાર કરવાનું તેમને કદાચ મુશ્કેલ લાગે. એટલા માટે તેમના પર કોઈ નજર રાખવાવાળું ન હોય તેને રોજગારની ખરાબ કાર્યપદ્ધતિ તરીકે ગણવામાં આવે છે અને તેની ભલામણ કરવામાં આવતી નથી.
- ☐ જો તમારે ત્યાં ઈ.પી.ઓ.એસ. (EPOS) પદ્ધતિ અમલમાં હોય તો કાયદામાં થતા ફેરફારો વિશે અને તેનો અમલ કેવી રીતે કરવો તે વિશે કર્મચારીઓને પ્રોમ્પ્ટ મારફતે યાદ દેવડાવવા માટે તેનો ઉપયોગ કદાચ કરી શકાય.

SMOKEFREE

## કર્મચારીઓ માટે માર્ગદર્શન

સોમવાર 1લી ઓક્ટોબર 2007થી તમાકુના વેચાણ માટેનો કાયદો બદલાઈ જશે. આ તારીખથી, 18 વર્ષથી નાની ઉંમરની (16 વર્ષમાંથી વધારીને) કોઈ પણ વ્યક્તિને તમાકુની વસ્તુઓ વેચવાનું ગેરકાયદેસર બનશે.

જો તમને વ્યક્તિની ઉંમર વિશે કોઈ પણ શંકા હોય તો હંમેશાં તેમના ફોટા સાથેનું ઓળખપત્ર માગો. ઉંમરનો પુરાવો બતાવતા માન્ય દસ્તાવેજોમાં પાસપોર્ટ, ફોટા સાથેનું ડ્રાઈવિંગ લાઈસન્સ, ઉંમરનો પુરાવો બતાવતાં માન્ય કાર્ડ્સ જેમ કે સિટિઝનકાર્ડ Citizencard, પોર્ટમેન 'પ્રુવ ઈટ' કાર્ડ Portman 'Prove It' Card અથવા વેલિડેટ કાર્ડ Validate Card નો સમાવેશ થાય છે. ઉંમરનો પુરાવો બતાવતા બધાં જ કાર્ડ્સ ઉપર 'પાસ' 'PASS' નું હોલોગ્રામ ચિહ્ન જુઓ.

જો તમને હજુ પણ શંકા હોય, તો વેચાણ કરવાનો ઈનકાર કરી દેવો જોઈએ. યાદ રાખો, જો 18 વર્ષથી નાની ઉંમરની કોઈ વ્યક્તિને તમે તમાકુનું વેચાણ કરશો તો તેના માટે તમે પોતે અંગત રીતે જવાબદાર ઠરશો.

ગ્રાહક નાની ઉંમરના હોવાને કારણે અથવા ઉંમરનો માન્ય પુરાવો તેની પાસે ન હોવાને કારણે તમે ઈનકાર કર્યો હોય તેવા કોઈ પણ વેચાણ અંગે, તમારા એમ્પ્લોયરે બનાવેલા 'રીફ્યુઝલ્સ રજિસ્ટર' પર તમે તેની વિગતોની નોંધ કરો છો તેની ખાતરી કરો.

તારીખ 1લી ઓક્ટોબરથી થઈ રહેલા આ ફેરફારથી 16 અને 17 વર્ષનાં કેટલાંક લોકો નારાજ હશે. વેચાણ કરવાનો ઈનકાર કરતી વખતે ગ્રાહક સાથે કોઈ થનારા કોઈ સંભવિત વિવાદને ટાળવા માટેઃ

- ☐ સ્નેહી અને વિનમ્ર રહો. ઈનકાર કરવાથી વ્યક્તિ શરમમાં મૂકાઈ શકે છે. માફી માગો અને તેમની સાથે દુશ્મનાવટભર્યું વર્તન ન કરશો કે તમે પોતે ચીડાશો નહિ.
- ☐ શાંત રહો અને તમારો અવાજ ઊંચો ન કરશો, ભલે તેઓ મોટેથી બોલે તો પણ. જો તેઓ ગુસ્સે થાય, તો પણ તમે વ્યવસાયિકપણે વર્તો અને તમારી વાત પર મક્કમ રહો.
- ☐ તેમને તમાકુની વસ્તુ વેચવાનું ગેરકાયદેસર છે - તેમાં કશું અંગત નથી એવું તેમને સમજાવો.
- ☐ તમારા અને તમારા ગ્રાહક વચ્ચે હંમેશાં કાઉન્ટર રાખો.
- ☐ જો કોઈ ગ્રાહક મારપીટ પર ઉતરી આવે અને તમને તાત્કાલિક મદદની જરૂર પડે તો તેવી પરિસ્થિતિમાં, પોલીસને બોલાવો.
- ☐ જો કોઈ ગંભીર બનાવ બને તો તેવા કિસ્સામાં તમે ક્યાંક ભાગી શકો તેવી સગવડ રાખવાની ખાતરી કરો.
- ☐ કોઈ પણ આવા બનાવ વિશે પોલીસને જાણ કરો.
- ☐ જો ઉપરનામાંથી કોઈ પણ બાબત વિશે તમે ચોક્કસ ન હો, તો તમારા એમ્પ્લોયર/મેનેજરને પૂછો.

ACS | the voice of local shops

Usdaw
Union of Shop, Distributive and Allied Workers

DOH 283275 8/07 6000CY